अमृत धारा

અમૃત :: :: ધારા.



આત્મા એક છે.

અમૃત ધારા.

અખો,

પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

To

From



અખો.

આત્મા એક છે.

આતમ એક છે હાં,
એક ઓદર એક ખાણ રે; (ટેક.)
બહાર આવ્યા પછી ઉત્તમ મધ્યમ,
થઈ છે તાણાતાણ. આતમ. ૧

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શુદ્રને,
વર્ણ કર્યા છે અઢાર;
સર જોતાં સોનું એક છે,
ઘડિયા ઘાટ અપાર. આતમ. ૨

જ્ઞાન દ્રષ્ટિએ જુવો તપાસી,
માં કરો તાણાતાણ;

સર જોતાં શેરડી એક છે,
ગોળ, સાકર ને ખાંડ. આતમ. ૩
નવસેં નવાણું નદીનાં નીર છે રે,
એને જુજવાં જુજવાં જાણ;
મહા સિંધુમાં જઈ ભળ્યાં,
નીર પો'ચ્યાં નિર્વાણ. આતમ. ૪
આચારીને સહાય અવગત,
મૂળમાં જોતાં મરમ;
કહે અખો એવા ભરમે ભૂલ્યા,
કોઇક છૂટે કરમ. આતમ. ૫

જુદા જુદા મતો.

સો અંધામાં કાણો રાવ,
આંધળાને કાણાપર ભાવ;

સૌનાં નેત્રો ફુટી ગયા,
ગુરૂ આચાર્યજ કાણા થયા;
શાસ્ત્ર તણી છે એકજ આંખ,
અખા અનુભવની ઉઘડી ઝાંખ.

*　　　*　　　*

ખટ દર્શનના જુજવા મતા,
માંહો માંહીં ખાધા ખતા;
એકનું થાપ્યું બીજો હણે,
અન્યથી આપને અધિકા ગણે;
અખા એજ અંધારો કુવો,
ઝગડો ભાંગી કોય ન મુવો.

*　　　*　　　*

જુજવા મતના જુજવા મતા,
જે ખોળે તે ખાયે ખતા;

અખો કહે અંધારો કુવો,
    ઝગડો ચુકવી કોઇ ના મુવો.

*   *   *

પંડિત પુરાણી એકઠા મળ્યા,
    તજ્ઞને કોહરા ભેગા ભળ્યા;
અખો કહે એ અનુભવી વાણી.
    ના થઇ ધેંસને ના થઇ ધાણી.

માયા.

સુખીઆં દુખીઆં દીસે બહુ,
    પણ માયાના દીસે છે સહુ;
સુખીઆં પલકે દુખીઆં થાય,
    ધન તન લજ્જા ફીટી જાય;
રંક હતા તે બનીઆ રાય,
    અખા એ માયા મહિમાય.

પલંક રિદ્ધસિદ્ધ આવે ઘણી,
    જીવ જાણે હું સૌનો ધણી;
જેમ વરઘોડે મળ્યા બહુ વના,
    પલક રહીને થાય તે ફના:
અખા માયા કરે ફજેત,
    ખાતાં ખાંડ ને ચાવતાં રેત.

હાલના ગુરુ.

પોતે હરિ નૈ જાણે લેશ,
    કાઢી બેઠા ગુરનો વેશ;
સાપનં ઘેર પરોણો સાપ,
    મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરૂ ઘણા સંસાર,
    તે અખા શું મુકે ભવપાર.

આભડશેટ.

આભડશેટ અત્યંજની જણી,
　　બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ઘણી;
બારે માસ ભોગવે એ બે,
　　સૌને ઘેર આવી ગઈ રહે;
અખા હરિ જાણે જડ જાય,
　　ને તો મનસાવાચા પેશારે કાય.

માયા.

મહા વળગણી માયા પાપણી,
　　જેમ સેવતાં ડસે સાપણી;
સિદ્ધિ કાજે યોગી જન,
　　થાવા અજર કરે છે જતન;
મંત્ર અઘોર ખવારે નર્ક,
　　અખા ન દેખાડે આતમ અર્ક.

શબ્દ તણી માંડી છે જાળ,
ચાળા કરે છે માયા કાળ;
ચણુ મુકે માંહ્ય ફળ કામના,
મોહ્યા પશુ પડે દામ ચામના;
ત્રણ ભુવનમાં એક પારધી,
અખા કોક ઉગરે સારથી.

ચેત.

વારંવાર માનવ દેહ નથી,
પામ્યો! તો ચેતે ઘરથી;
જ્યારે જર્જર થાશે અંગ,
ઇંદ્રિય મૂકી જાશે સંગ;
ત્યારે અખા જપમાળા ગ્રહે,
ભાંગે ઘડે પાણી કેમ રહે.

એક અફીણ (બીજો) સંસારી રસ,
અધિક કરે તેમ આપે કસ;
જેમ જેમ અધકું ખાતો જાય,
અંગે અકલે હીણો થાય;
જો મૂકે તો મુવે સરે,
નૈં તો અખા તે ખાતો મરે.

માયા.

માયાનાં મર્કટ સહુ લોક,
પલકે સુખ ને પલકે શોક;
કપિને જેમ શણગાર્યાં નટે,
ભીખ મગાવે રહ્યા ચૌવટે;
અખા! લે સર્વે ઉહાલ્ય,
કંહે દોરડી પુંહે કાળ.

નાટક ચાલે માયા તણું,
સકળ જીવ શણગારી ઘણું;
કાળ ફેરવે ચૌદ ચૌવટે,
એકને આપે એકનું ઝટે;
અખા વગોળે માયા કાળ,
જાણ પંડિત શ્રીમંત ભૂપાળ.

*　　*　　*

થોડા પુર આવે જેમ નદી,
ક્ષણમાં સંપત્તિ દીસે વધી;
પળમાં તેનો થાએ વરો,
જેવો ઝાશ તણો આફરો;
એમ સંસાર આવે ને જાય,
અખા તેહને ક્યાં પ્રત્યવાય.

હાલના વ્યાસ.

વ્યાસ વેશ્યાની એકજ પેર,
  વિદ્યા બેટી ઉછેરી ઘેર;
વ્યાસ કથા કરે ને રડે,
  જાણે દ્રવ્ય અહંકરૂં જડે;
જે જાણે વાંચ્યાંની પેર,
  અખા કાં ન વાંચે પોતાને ઘેર.

સમજુ-અણુ સમજુ.

સમજુને સમજુનો સંગ,
  અણુ સમજુને આપે અંગ;
સમજુ અણુસમજુ મર ભેળા ભમે,
  ભેળા બેસે ને ભેળા જમે;

અણસમજુ તે આંધળા કુવા,
સમજુ સજ્જન સરસો ગાઉ જુવા.


બ્રહ્મસ્વરૂપ.

નવનીત કમાયો જુગતે કરી,
જેમ દેહ આતમા વડિયે ઓળખ્યા હરી;
તે વિવેકી સદ્‌ગુરૂએ વળોવ્યું જદા
નવનીત નિરાળું પામ્યો તદા;
અનુભવ અગ્નીએ કીધું તૂપ,
અખા ભાળ્ય એ બ્રહ્મસ્વરૂપ.



Printed at
The Lakshmi Art Printing Works,
by N. V. Ghumre, 97 B, Sankli
Street, Byculla, Bombay.

Published by
Purshotam Vishram Mawjee.



अन्तर्धारा

અમૃત :: :: ધારા.



સુખે સાંભરે નાર.

અમૃત ધારા.

શામળ.

પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

To

....

....



From

....

....

કવિ શામળ.

રામ મહિમા.

વળી રુદે રામ જેને રહે,
　　જમડા જખ મારી રહે;
શામળ મુળ સુખ સાગર તણું,
　　રામ નામ કોડે કહે.

*　　*　　*

શ્રી રામ ભજનથી સહજમાં,
　　ગુણકા થઈ શોભિત સતી;
વળી અજામિળ ઉદ્ધારિયો,
　　શામળ ભજ્યે સીતાપતિ.

સ્વભાવ.

કેસર ક્યારા માંહિ,
　　અરાસ કસ્તુરી મહેકે;
પાછળ કનકની પાળ,
　　લક્ષધા મોતી લહેકે;

ગંગા ગોમતી નીર,
　　ઝવેર જડીત્રજ ઝારી;
સોળ ધરી શણગાર,
　　સીંચે નરપતિની નારી;
એવી રીતે કહી ઉગિયો,
　　લસણ છોડ ગંગા તટે;
બહુઓઈ ઉંડે પણ ઘણી,
　　શામળ સ્વભાવ નવ મટે. ૧

* * *

ઓસડ છે એકે એકના,
　　કોડે કોડે કહું કથી;
ભૂંડા કે રૂડા સ્વભાવનું,
　　શામળ કહે ઓસડ નથી.

સુખે સાંભરે નાર, દુઃખે સાંભરે રામ.

સુખે સાંભરે નાર,
　　સુખે શણગારજ સજે;

સુખે સાંભરે સેજ,
    સુખે બહુ પ્રાક્રમ સુઝે,
સુખે સાંભરે સ્વાદ,
    સુખે વાહન પર બેસે;
સુખે સુવસ્ત્ર વિવેક,
    સુખે સમરાવે કહેશે,
સુખમાં અનેક શોભા ધરે,
    કરે કલ્પના કામની;
શામળ સુખમાં નવ સાંભરે,
    રટના સીતા રામની.
દુઃખે સાંભરે માત,
    તાત વાતો વહાલાની,
દુઃખે સાંભરે દેવ,
    કથા કાન કાળાની;

સુખે સાંભરે ગ્રહો,
જન્મપત્રી જોવરાવે,
દુઃખે સાંભરે દાન,
દયા પણ દીલમાં આવે,
જન દુઃખ દાવાનળમાં પડે,
હરે ન એકે હામજી;
તે સંકટથી શામળ કહે,
એક ઉગારે રામજી.

મૃત્યુ.

પેસે અરણવ નીર,
તીર ગંગાને બેસે;
ચડે જો પરવત મેર,
કદી પાતાળે પેસે;
પરવતમાંહિ પ્રવેશ,
કરે આપે એકાંતે;

ઓષડ અમૃતાહાર,
    ભમે ભુલ્યા બહુ ભાંતે;
કીંકર રાખે કંઈ કોટીધા,
    સંચ પ્રપંચ ઘણા કરે;
શામળ કહે છે સૌ સાંભળો,
    મોત આવે નિશ્ચે મરે.

*   *   *

અધિકાર અયુત લખ ઇંદ્રનો,
    ક્રોડવાર શું કહું કથીઃ
પણ મોત થકી મૂકાવવા,
    શામળ કોઈ સમરથ નથી.

નિભાગી વિષે.

નિર્ભાગી જાય ગંગ,
    કષ્ટ પામે કુટાય;
જો તે રળવા જાય,
    લાભ સુદ્ધાં લૂટાય.

અભાગિ પરણે નાર,
જાય નિસરી કે મરશે;
અભાગિ પામે ગરથ,
ચોર કે હાકમ હરશે.
નિરભાગી બેસે ચોડલે,
પડશે કે પગ ભાગશે;
નિરભાગીને મંદિર મળે,
પડશે કે દવ લાગશે.
સઉ કર્મ હીન કુટાય છે,
ગરથ જ્ઞાનનો ગુટકો;
શામળ કહે છે નિરભાગીનો,
કશી વાતે નહિ છુટકો.

પૈસો.

જરને વશ છે જગત,
રાય પણ જરથી રીજે;

જુવતી જર વશ હોય,
    લાભ પણ જરથી લાજે.

જર સજ્જન સનમાન,
    જરે જશવંત કહાવે;
જરથી પામે જોખ,
    સતી શુભ કુળની આવે.

જરનુંજ જગતમાં જોર છે,
    દુર્જન જરે નમે સહુ;
શામળ કહે છે જર જોરથી,
    આપો એમ કહે બહુ.

*   *   *

ગામી નામી ને મહિપતી,
    જરને વસ વરતી રહે;
શામળ કહે છે સંસાર સૌ,
    દમડાને ડાહ્યા કહે.

જે જે ઉપાય અન્યાય જે,
બુદ્ધિ બગાડે બારણે;
શામળ કહે શાણા સમજજો,
દ્રવ્ય કમાવા કારણે

* * *

વળિ જેને જરનું જોર છે,
છાકયો રહે અમલે અતી;
શામળ કહે છે સદ્બુદ્ધિ વણ,
રૂડું ન થાય તેથી રતી.

વિદ્યા.

સદ્વિદ્યાજ સુવર્ણ,
શરણ સદ્વિદ્યા સત્યે,
સદ્વિદ્યાથી સ્વર્ગ,
વીખ ઉતારણ વિત્તે.
સદ્વિદ્યાથી સિદ્ધિ,
ફળે વચનો વર વાણી;

અમૃત :: :: ધારા.



પ્રેમાલિંગન-ભગવાન.

અમૃત ધારા.

નરસિંહ મોહેતા.

પુરૂષોત્તમ વિશ્રામ માવજી.

To



From

નરસિંહ મહેતો.

ભક્તિ યાચના.

મ્હારા નાથજી મુજને ભક્તિ દેજો સદા,
દીન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપી ભલા ભાવથી ભૂધરા,
અંતે આવી અહોનિશ રહેજો. મ્હારા. ૧

ભક્તિ કારણ મ્હારો દેહ દુર્બળ હજો,
દેહ કારણ રખે સ્નેહ જાયે;
આજ મન સાથ યદુનાથ જો વીસરે,
વળતી વલે મ્હારી કુણ થાયે? મ્હારા. ૨

કર્મ કૂડાં કરી ખાણ ચારે ભરી,
વાસવા નીસર્યો નામ ધારી;
કૃષ્ણ કીર્તન વિના જન્મ જાયે વૃથા,
જેમ રહે જૂગટે રિધ્ધિ હારી. મ્હારા. ૩

હું ગર્ભ નાના ફર્યો નિત્ય ઉજાગરો,
નવ ર્હ્યો નાથજી શરણ પાખે;
ભય વિષે બૂડતાં વારને બૂમ નહીં,
બાંહ્ય ગ્રહી મુજને કોણ રાખે. મ્હારા. ૪

અલ્પ આયુષ્યમાં કલ્પના મનુષ્યને,
આજ કીધું વળી કાલ કરવું;
શ્વાસનો શો વિશ્વાસ નહિ નિમિષનો,
આશ અધુરી ને એમ મરવું. મ્હારા. ૫

ઉત્તમ મધ્યમ વરણુ તું વિઠ્ઠલા,
પ્રકટ થૈને દરશન પમાડો;
નરસૈયા રંકને ટંક કરૂણા કરો,
દીનબંધુ, વળ્યો આંક આડો. મ્હારા. ૬

પ્રેમાધિન-ભગવાન.

વ્હાલો પ્રેમને વશ થયો રાજીરે,
એમાં શું કરે પંડિત ને કાજીરે.

કરમાબાઇનો આરોગ્યો ખીચડો,
ને વિદુરની ખાધી ભાજી;
જુઠાં બોર શબરીનાં ખાધાં,
વ્હાલે છપન ભોગ મેલ્યા ત્યાગીરે. વ્હાલો. ૧

વિદુરને ઘરે શ્રી કૃષ્ણ પધાર્યા,
ને કેળાં આણ્યાંતાં માંગી;
ગર્ભ કાઢીને છાલ ખવરાવી,
વ્હાલે તોએ ન જોયું જાગીરે. વ્હાલો. ૨

ગુણકા હતી તે પોપટ પઢાવતી,
ને તેમાંથી નેહ લાગી;
ભગવાન ભાવે સ્હેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાગીરે. વ્હાલો. ૩

ભકતની લોક નિંદા કરે છે,
તે જગત થયું છે પાજી;
ભલે મળ્યા મ્હેતા નરસંઇના સ્વામી,
માથે ગિરધર રહ્યો છે ગાજીરે. વ્હાલો.૪

સુખ દુઃખ.

સુખદુઃખ મનમાં ન લાવીયે,
ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇના નવ ટળે,
રઘુનાથના જડીયાં. સુખ દુઃખ. ૧
નળ રાજા સરખો નર નહીં,
જેની દમયંતી રાણી;
અરધ વસ્ત્રે વનમાં ભમ્યાં,
ન મળે અન્ન ને પાણી; સુખ દુઃખ. ૨

પાંચ પાંડવ સરખા બંધવા,
જેની દ્રુપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં,
નયણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ. ૩

સીતા સરખી સતી નહીં,
જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો,
સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ. ૪

રાવણ સરીખો રાજીયો,
જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં,
બધી લંકા લુટાણી. સુખ દુઃખ. ૫

હરિશ્ચંદ્ર રાય શતવાદિયો,
તારા લોચની રાણી;

તેને વિપત્તિ બહુ પડી,
ભર્યાં નીચ ઘરે પાણી. સુખ દુઃખ. ૬
શિવજી સરખા સતા નહીં,
જેની પાર્વતી રાણી;
ભોળવાયા ભીલડી થકી,
તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ. ૭
સર્વે દેવને જ્યારે ભીડ પડી,
સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે,
મેહેતા નરસંઇના સ્વામી. સુખ દુખ. ૮

સંગત.

ત્હારા દાસના દાસની, નિત્ય સંગત વિના,
ભ્રષ્ટ થાય ભૂધરા મંન મ્હારૂં;

દુષ્ટની સંગતે, દુષ્ટ મતિ ઉપજે,
શ્રવણ કીર્તન નવ થાય ત્હારૂં. ત્હારા. ૧

પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહલા,
વિષ પીધે તન તેજ મરશે;
તુજ થકી વેગળા, તેહની સંગતિ,
જન્મ કોટિ તણાં સુકૃત હરશે. ત્હારા.૨

અમૃતની ઉપમા, સાધુને નવ ઘટે,
રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ નારદે ગર્ભ સંગત કરી,
વશ કર્યા વૈકુંઠનાથ જેણે. ત્હારા. ૩

ચતુરધા મુક્તિ છે જુજવી જુકિતની,
ત્હારા તેહને નવ રાચે;
બેહુ કર જોડીને નરસૈયો વિનવે,
જનમોજનમ ત્હારી ભકિત જાચે.ત્હારા.૪

જાગૃતાવસ્થા.

જાગિને જોયું તહાં જગત દીસે નહીં,
ઉંઘમાં અટપટા ભોગ દેખે; (ટેક)
ચિત્ત ચૈતન્ય વીલાસ બ્રહ્મરૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પેખે. જાગિને. ૧
પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપન્યાં,
અરસ પરસ રહ્યાં તુરત વળગી;
ફૂલ ને ફૂલ એક વૃક્ષનાં જાણવાં,
થડ થકી ડાળ કંઇ નોય અળગી. જાગિને. ૨
વેદ પણ એમ કહે શ્રુતિ સહુ શાખ દે,
કનક કુંડળ વિષે ભેદ નોએ;
ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જુજવાં,
અંતે તો હેમનું હેમ હોએ. જાગિને. ૩
જડ ચૈતન્ય એ આપ ઇચ્છા સહુ,
ચૌદ લોક કરી ભેદ કીધા;

ભણે નરસિંઓ તું પાત્રરૂ પ્રીછની,
એજ સમસ્યાએ કઈ સંત સિધ્યા.જાગિને.૪

પરોઢીયે ઉઠો.

રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી,
સાધુ પુરૂષને સુઇ ન રહેવું;
નિંદ્રાને પરહરી સમરવા શ્રીહરી,
એક તું એક તું એમ કહેવું. (ટેક)
જોગીયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગીયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વઈષ્ણુવ હોય તેણે કૃષ્ણ ભજવા. રાત. ૧
સુ કવી હોય તેણે સદ્‌ગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું;

પતીવ્રતા નારીએ કંથને પુછ્યું,
કંથ કહે તેતો ચિત્ત ધરવું. રાત. ૨

આપણે આપણા ધરમ સંભાળવા,
કરમનો મર્મ લેવો વિચારી;

નરસઇઆના સ્વામીને સ્નેહથી સમરતાં,
ફેર નવ અવતરે નર ને નારી. રાત. ૩

વૃથા જન્મ.

જન્મ ધરી શું કીધું,
મુનશા જન્મ ધરી શું કીધું;

ક્યાંથી આવ્યો ને ક્યાં તું રે જાઇશ,
એકે કામ નવ સીધું. મુનશા. ૧

અમરીતનો રસ ઢલતો મુકી,
વિષ હલાહલ પીધું;

નરસૈંયાના સ્વામી પતીત પાવન,
તેનું નામ નવ દીધું. મુનશા. ૨

ભજનનો વેપાર.

સંતો અમેરે વહેવારીયા
શ્રી રામ નામના,
વહેપારી આવેરે
બધા ગામ ગામના; સંતો. ૧

અમારૂં વસાણું સાધુ
સઉકોને ભાવે,
અઢારે વરણ જેને
હોરવાને આવે: સંતો. ૨

અમારૂં વસાણું કાળ
દુકાળે ના ખુટે,

જેને ચોર ન લુટે
જેને રાજા ન દંડે. સંતો. ૩

રામ નામ ધન્ય મારે
વાજે ને ગાજે,
છપન ઉપર ભેર
ભુંગળો વાગે. સંતો. ૪

લાખ તણાં તો લેખાં નહીં ને,
પારવની છે પુંજી,
હોરવું હોય તે હોરી લેજો
કસ્તુરી છે મોંઘી. સંતો. ૫

આવરો ને ખાતાવહીમાં
લક્ષ્મીવરનું નામ,
ચીઠીમાં ચતુરભુજ લખીયા,
નરસઈયાનું કામ. સંતો. ૬

અભક્ત.

નંદના નંદશુ નેહ જેને નહીં,
તેહ નર માનવા ખર શ્વાન તોલે;
ભુતળ ભાર કરવાને એ અવતર્યા,
પ્રેતની પરે સંસાર ડોલે. નંદના. ૧
દ્રષ્ટી થકી ટળે ભાગ તેના બળે,
શઇલ પડો તેના મુખ માથે;
જીવતાં જન તેતો જમ જેવા જાણવા,
પ્રીતી નહીં જેને કૃષ્ણ સાથે. નંદના. ૨
કીરતી કૃષ્ણની જીભથી નવ જાણે,
તેહ મુખે દેવરાય તાળુ:
જાણે નરસહીયે જેણે હરીને જાણ્યા નહીં,
તેનુ કુટુંબ સદાય કાળુ. નંદના. ૩

યુવાની એળે જાય.

જાય છે જવાની તારા જાય છે, જવાની,
હરીના ભજન વિના; જાય છે જવાની ૧
કાયા તારી કંચન જેસી,
મોતી જેસા પાની;
મુવા કેડે બાળી મુકશે,
ઉડી જાશે વાની; જાય છે જવાની. ૨
જાતી રહેશે જવાની,
ને પછી થાશે હાની;
છાના માના જમ આવશે,
લેઈ જાશે તાણી; જાય છે જવાની. ૩
માયા તમે મુકી દોને,
થાઓને જ્ઞાની;

નરસઇઆનો સ્વામી સાચો,
દુનિયા દીવાની. જાય છે જવાની. ૪

*   *   *

કોણ તરે?

અનેક જુગ વીત્યારે પંથે ચાલતાંરે,
તોય અંતર રહ્યો લગાર;
પ્રભુજી પાસે રે હરિ નથી વેગળા રે,
આડો તે પડ્યો છે અહંકાર. અનેક. ૧
દિનકર રૂંધ્યો રે કાંઇ વાદળે રે,
થયું અજવાળું મટ્યો અંધકાર;
વાદળું મટ્યું રે લાગ્યું જેમ દીસવારે,
ભાનુ કાંઇ દેખાયો તે વાર. અનેક. ૨
લોકડિયાંની લાજરે મેં તો નાણીઓરે,
મેલી કાંઈ કુળ તણી પણ લાજ;

જાદવાને માથેરે છેડો લઇ નાંખીઓરે,
ત્યારે પ્રભુ પામી આજ. અનેક. ૩

નાતને સ્વરૂપે રે બાઈ એનું નામ છેરે,
માલમી છે શ્રી સરજનહાર;
નરસઈના સ્વામીને જે કોઈ અનુભવે,
તારી ઉતારે ભવપાર. અનેક. ૪

Printed at
The Lakshmi Art Printing Works,
by N. V. Ghumre, 97B, Sankli
Street, Byculla, Bombay.

Published by
Purshotam Vishram Mawjee.

સદ્‌વિદ્યાથી રિદ્ધિ,
 જગતમાં સઘળે જાણી.
સદ્‌વિદ્યાને વશ સર્વ છે,
 સદ્‌વિદ્યા ત્યાં શી મણા;
શામળ કહે સદ્‌વિદ્યા વિના,
 ભટકે ગુણ હીણા ઘણા.

* * *

સદ્‌વિદ્યા રત્ન વિશાળ છે,
 વિદ્યાથી વડું નહિ કશું;
સદ્‌વિદ્યા આગળ ધન કશું,
 વિદ્યાહિન જન તે પશુ.

વચન પાળવા વિષે.

વચન ન પાળ્યું જેણ,
 તે જ સુકૃત વ્રત હાર્યો;

વચન ન પાળ્યું જેણ,
 કમોતે તેને માર્યો.
વચન ન પાળ્યું જેણ,
 તેહ નર દૈવે દંડ્યો;
વચન ન પાળ્યું જેણ,
 તેહ શિર અગ્ની મંડ્યો.
જો વચન વ્યર્થ જેનું થયું,
 તો હૈવત તેનું ગયું;
કવિ શામળ ભટ સાચું કહે,
 વચન ગયું તો શું રહ્યું?

* * *

કરથી જીભા ભલિ કાપવી,
 મોત ભલું મહા મૂલ્યનું;
શામળ કહે ભુંડું સર્વથી,
 વચન જાય તૃણ તુલ્યનું.

પેટ વિષે.

પેટ કરાવે વેઠ,
　　પેટ વાજાં વજડાવે,
પેટ ઉપાડે ભાર,
　　પેટ ગુણ સોના ગાવે.

*　　*　　*

વળિ સંચ પ્રપંચ અધિક કરે,
　　પેટ કાજ નરકે પડે;
શામળ કહે સાચું માનજો,
　　પેટ પાપ નરને નડે.

*　　*　　*

ચોરી ચાડી ને ચાકરી,
　　અધર્મ સો આ પેટના;
શામળ કહે સાચું માનજો,
　　પ્રપંચ પાપી પેટના.

પેટ કરાવે પાપ,
  પેટ પરદેશ કાઢે;
પેટ કરે પ્રપંચ,
  ચલાવે મારગ આડે,
પેટ કરે પાખંડ,
  પેટ વણ વાંકે હંડે;
પેટે સંકટ થાય,
  પેટ મહેનતમાં મંડે.
સતી નારિને ગુણકા કરે,
  શા અવગુણ કહું શેહના;
શામળ કહે છે સૌ જાણજો,
  પ્રપંચ પાપી પેટના.

કુસંગ.

કરે નીચનો સંગ,
  નીચની બુદ્ધિ આવે;

કરે નીચનો સંગ,
સકળ સદ્‌ગુણો ગમાવે,
કરે નીચનો સંગ,
નીચની ભાષા ભાખે;
કરે નીચનો સંગ,
નીચની રીતી રાખે.

વળી નીચ કામ નીચા કરે,
નિચ કહેવાયે ઉંચ જન;
શામળ કહે સંગત નીચની,
કોય ન કરશો કોય દન.

વળિ વ્યસનીને વ્યસની મળે,
મળતે મળતા ગુણ મળે;
જ્યમ લવણ મળે છે તક્રમાં,
શામળ પય શાકર મળે.

પારકી આશા.

કોઈ રળે ને કોઈ જમે,
તાકે પરનો માલ;
આશા કરે જે પારકી,
કર્મહિન કંગાલ.

મંદમતિ તે માનવી,
કરે મનુષ્યની હાસ્ય;
ચંટકિ દેખી દિન ચારની,
વળતી થાય નિરાશ.

શિખામણ.

પરધન દેખી થાવું અંધ,
પરનિંદા નવ ધારો ધંધ;

નિચ વાત થકી નાસજો,
ગુણીજન દેખો ત્યાં ધ્વાસજો.

મનની લહેર જાતી વાળજો,
જનક જનનીનું પાળજો;
કુડાં કર્મ રખે કાંઇ કરો,
પંડે પાપ બુદ્ધિ પરહરો,


ભલી વાત મુખથી ભાખજો,
શરણાગત શરણે રાખજો;
અહંકાર નવ કરશો લેશ,
દુઃખ ભંજન કહેવાજો દેશ.

કોઇ દિવસ નવ રમશો દ્યુત,
ધર્મ વાતે નવ થાશો ધૂર્ત;
અમલ વશ નવ થાશો આપ,
સતી તણો નવ લેશો શ્રાપ.

આપે તે તો પામે બહુ,
સુખ દુઃખ એવી રીતે સહુ;
જેવું અન્ન વાવે તે લણે,
શામળ ભટ તો સાચું ભણે.

Printed at
The Lakshmi Art Printing Works,
by N. V. Ghumre, 97B, Sankli
Street, Byculla, Bombay.

Published by
Purshotam Vishram Mawjee.











અમૃત ::
:: ધારા.



પ્રેમાંશી.

અમૃત ધારા.

દયારામ.

પુરુષોત્તમ વિશ્રામ માવજી.

To



From

દયારામ.

પ્રેમાંશી.

જે કોઈ પ્રેમઅંશ અવતરે,
પ્રેમ રસ તેના ઉરમાં ઠરે. ટેક.

સિંહણ કેરું દૂધ હોય તે,
સિંહણ સુતને જરે;
કનક પાત્ર પાખે સહુ ધાતુ,
ફોડીને નીસરે. પ્રેમ રસ. ૧

સકરખોરનું સાકર જીવન,
ખરના પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જયમ,
મીઠા જળમાં મરે. પ્રેમ રસ. ૨

સોમવેલિ રસપાન શુધ્ધ જે,
બ્રાહ્મણ હોય તે કરે;

વગળવંશિને વમન કરાવે,
વેદવાણુી ઉચ્ચરે. પ્રેમ રસ. ૩
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે
તદપિ અર્થે ના સરે;
મત્સ્ય ભોગિ બગલે,
મુકતાફળ, દેખિ ચંચુ ના ભરે. પ્રેમ રસ. ૪
એમ કોટી સાધને પ્રેમ વીનાં,
પુરુષોત્તમ પૂઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર,
પ્રેમ ભકિતયે વરે. પ્રેમ રસ. ૫

મોહનની વેણુ.

માનીતી તું છે મોહન તણી,
હો વાંસલડી,
તુંને વાલમ કરે છે ઘણું વહાલરે,
હો વાંસલડી;

પીએ અધરામૃત પીયુ તણું,
હો વાંસલડી,
અમારે શોક્ય સરીખું તું સાલરે,
હો વાંસલડી;
મીઠો આવડો શો સોહાર !
મોહ્યો નંદનો કિશોર,
ત્હારૂં આવડું શું જોર ?
ભૂંડી કાળજડુંમાં કોરરે;
હો વાંસલડી. ૧

વાજી વાજી ને વિહ્વલ કર્યાં,
હો વાંસલડી,
તું તો પીડે અમારા પ્રાણરે,
હો વાંસલડી;

સુણતાં પડે છે હૃદે સાંસરાં,
હો વાંસલડી,
ત્હારા ટહુકારાથી મોહ્યાણરે.
હો વાંસલડી. મીઠા. ૨
ઝેર ઘણું છે ત્હારી ઝપટમાં,
હો વાંસલડી,
ભલાં તું થી ભાલાં ને તલવારરે,
હો વાંસવડી;
એકી વારે તું હણી નાંખને,
હો વાંસલડી,
ભુંડી થોડે થોડે કાં મારરે,
હો વાંસલડી. મીઠા. ૩
ગરજે ગુમાણ ભરી આવડી,
હો વાંસલડી,
તું તો જોની વિચારી ત્હારી જાતરે,
હો વાંસલડી;

જોતાં તું કાષ્ટ કેરો કરકડો,
હો વાંસલડી,
તુંને આજ મલી છે ઠકરાતરે,
હો વાંસલડી, મીઠો. ૪
ગત વિહીણાં તેં ઘેહેલાં કર્યાં,
હો વાંસલડી,
તેં તો લગાડ્યું લાલશું લગનરે,
હો વાંસલડી;
ચોરની સંગે શીખી ચોરવા,
હો વાંસલડી,
વહાલે માખણ ચોર્યું ને તે મંનરે,
હો વાંસલડી. મીઠો. ૫
માન ન રાખ્યું માનીતી તણું,
હો વાંસલડી,
તેં તો સહુને કર્યા પાયમાલરે,
હો વાંસલડી,

દયાના પ્રીતમની દાસી તું ખરી,
હો વાંસલડી,
તેડે સહુને બેઠી તું તો હામરે,
હો વાંસલડી મીઠી. ૬

"હરિ મ્હારી નિર્મળ બુદ્ધ કરોરે."

(ભૈરવી)

હરી મારૂં અંતર શુદ્ધ કરોરે,
હરિ મ્હારી નિર્મળ બુધ્ધ કરોરે. ટેક.
હરી મુને પ્રપંચ વિસરાવોરે,
મુજ મન નિજ છબી લોભાવો રે હરિ ૧
હરી હું ભાવું એહવો કરોરે,
હરી મ્હારા તનમન તાપ સમવોરે. હરિ. ૨
હરી મ્હારી દુરમતિ દુર કરોરે,
અંતર ભકિત ભાવ ધરોરે. હરિ. ૩

હરી નીજની લીલા દરશાવોરે,
નિશદિન સતસંગ નીભાવોરે. હરિ. ૪
હરી મ્હારૂં ચિત ચરણે રાખોરે,
દયો તમારો શ્રી મુખે ભાખોરે. હરિ. ૫

ત્હારૂં જીવન સફળ કર.

ધન્ય જેણે હરી ગુણ ગાયા,
સંસારમાં, ધન્ય જેણે હરિ ગુણ. ટેક.
બધા સંસારમાં તે નર જીત્યો,
બાકી સહુ જાણે વ્હવાયા; સં. ૧
જમના ઝપેટાથી નવ ચેત્યા,
ધૂળ મળ્યું ડહાપણ લ્યા; સં. ૨
હાથી ઘોડા સૂખપાળે બેશે શૂં થયૂં,
શૂં થયૂં મેળવી ઘણી માયા; સં. ૩

કંઠ સાહી તુંને કહાડશે પલકમાં,
દૂર રહેશે સગાં વીત જાયા; સં. ૪
દયા જપો નિત્ય નામ નંદકુંવરનું,
સફળ થશે તમારી કાયા. સં. ૫

માયા

હરિ હું શું કરૂં રે,
મારો માયા ન મુકે કેડો. ટેક.
કોટી કલ્પ સુધી એણે ભમાવ્યો,
ભમું હજું નહિ છેડો,
મુજથી ન છુટે ન આપ છોડાવો,
મારો કીયે કાળ નીવેડો હરિ. ૧
સેવા સમરણ કામ કરૂં,
મારો ક્ષણુ એ ન છાંડે હેડો;
શું ગજું મારૂં એ અવિદ્યા જીતી,
કરે ચરણ કમળે નેડો. હરિ. ૨

આપ વિના એના સહુ ચેલા,
કોને કહું દુઃખ કેડો;
દાસી તમારી જાય પ્રેરે ત્યાં,
પાછી ફરે જ્યારે તેડો. હરિ. ૩

કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ,
ચરણ પડ્યો ન ખસેડો;
માયાકાળ અગ્નીથી બચે દયો,
કૃષ્ણ કૃપાજળ રેડો. હરિ. ૪

કોણ બચે?

(રાગ ખમાચ.)

હો મનવા,
શ્રીહરી શરણે રેહને;
અવર ઉપાય નથી કંઈ બીજો,
કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે; હો મનવા. ૧

અકળ અવિદ્યાની જાળમાંરે,
પડિયા પંડિત શૂર;
જ્ઞાનિ વૈરાગી જોગિ જતીરે,
ચાવી કર્યા ચકચૂર. હો મનવા. ૨
સ્ત્રી એજ મોટી મોહનીરે,
બીજું સહુ એની હેઠ;
પોહોંચેલાને પણ પાડે પલકમાં,
છેલિ સિદ્ધિ લગી હેઠ; હો મનવા. ૩
જ્ઞાન વૈરાગ્ય ગોઠે નહીં રે,
ન ઉપજે હરિશું હીત;
જાય વિવેક વિકળ રહેરે,
જ્યારે ચતુરાં ચોરે ચીત. હો મનવા. ૪
ઇંદ્ર ચંદ્ર પરાશર મુનિરે,
એકલશંગી મુન્ય;
શિવ બ્રહ્માદિક ભૂલિયારે,
એથી મોટા કોણ અન્ય. હો મનવા. ૫

મનતો ભ્રષ્ટ બધા વિશ્વનું રે,
નવ રેહેવું સ્ત્રી પાસ;
ધીરાને ચંચળ કરેરે,
ઘાલે સત્યાનાશ. હો મનવા. ૬

ચતુરાઈ સઉની ચુલે પડીરે,
કોઈનું ન ચાલે જોર;
દયા જગતમાં તે બચે,
જેનો કર ગ્રહે નંદકિશોર. હો મનવા. ૭

ત્હારે શરણ.

(રાગ રામકળીનું–પ્રભાત.)

શ્રી દ્વારીકાધીશ છો શીશ મ્હારે ધણી,
ઈશ નહીં અવર વણ વિશ્વનાથ;
શ્રી ગિરિધરણ તવ ચરણને શરણ છું,
જન્મને મરણ હરિ ગ્રહેજો હાથ. શ્રી. ૧

પાપ અણમાપ ત્રય તાપ સંતાપ સૌ,
કાપવા બાપ છે નામ તાહારૂં;
સર્વ સાધન રાજન અભિધાન તવ,
અન્ય પ્રસન્ન નહિ મન મહારૂં. શ્રી. ૨

દામને ધામ તન વામ શું કામનું,
હામ વિશ્રામ નહીં શ્યામ પાખી;
તહારો હું દાસ અવિનાશ તુજ પાસ રહું,
વાસ વૈકુંઠનો હું અભિલાખી. શ્રી. ૩

અચળ ભવભક્તિ રસયુક્તિ સતસંગ દો,
જગતથી દુર આસક્તિ મ્હારી;
નિધિ દયા ધરી દયા જન દયા પર દયા,
કર છઉં તહારો ગિરિવરધારી. શ્રી. ૪

જીવતો મુઓ.

જીવતો મુઓરે,
મુર્ખ જીવતો મુઓ;

તેં ભજ્યા નહીં ભગવાન,
મુર્ખ જીવતો મુઓ   ટેક.
પેટને અર્થે પાપ કરતાં,
દીલમાં ન ડર્યો;
પાડોશીને ઘેર પુણ્ય કરતાં,
આડો જઈ પડયોરે. મુર્ખ.
કુડની માળા કોટમાં ઘાલી,
ક્રોધી ગુરૂ કર્યો;
ત્યારે મૈથુન કરવા લાગ્યો,
અંતર ના ડર્યોરે.   મુર્ખ. ૨
બહુ નામીને ઓળખ્યા વિના,
અંતર બહુ પડયો;

દયા પ્રીતમ દીલમાં વસ્યો,
  કારજડો સર્યોરે. મુખ. ૩

ખરો માર્ગ.

તારાં સહુ દુખ જાશે,
  ગોવિંદ ગાની,
સેહેજે સહુ સુખ થાશે,
  ગિરિવરધારી ગાની. ટેક.
ભવના વૈભવનો ચિતમાં
  ચોહોટો છે રંગ,
એના એ ભોગ કરડી
  ખાશે ભુજંગ. ગિરિ. ૧
ઘણી રે ગુંચવણીની
  એ અવિદ્યા જાળ,

નાહાસવા બારી એક
શર્ણુ ગોપાળ. ગિરિ. ૨

કો સમે મોહત ને
કો સમે શોક,
એ એમાં અથડાતો
તું તો ઓચિંતો ફોક. ગિરિ. ૩

જેહેનું તું સુખ માણે
તે દુઃખનો ભંડાર
પડતાં પેજારાં ખાતાં
નહિ આવે પાર. ગિરિ. ૪

કેવળ કલેશ ભર્યો
આ સાગર સંસાર.
નાવ તરે એક
નામ નંદકુમાર. ગિરિ. ૫

આવ્યો ઓવારો પાછો
વચમાં વહી જાશ,
હવા પ્રભૂને ભૂલે
પાછળ પસ્તાશરે. ગિરિ. ૬

Printed at
The Lakshmi Art Printing Works,
by N. V. Ghumre, 97B, Sankli
Street, Byculla, Bombay.

Published by
Purshotam Vishram Mawjee.